# 18 આંસુભીનો ઉજાસ



**દિલીપ રાણપુરા**

**(જન્મ : 14 - 11 - 1932; અવસાન : 16 - 7 - 2003)**

નવલિકા તેમજ નવલકથા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર દિલીપ નાગજીભાઈ રાણપુરાનો જન્મ તેમના વતન ધંધુકામાં થયો હતો. તેમણે આજીવન શિક્ષક અને આચાર્ય તરીકે પોતાની સેવાઓ આપી હતી. 'સૂકી ધરતી, સૂકા હોઠ', 'આંસુભીનો ઉજાસ', 'મીરાંની રહી મહેક', 'આ કાંઠે તરસ', 'પીઠે પાંગર્યો પીપળો', 'ઊંડા ચીલા' અને 'મને પૂછશો નહીં' તેમની પ્રશસ્ય નવલકથાઓ છે. 'રાતોરાત', 'સરનામું' અને 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ' તેમના નવલિકા ગ્રંથો છે. 'લાગણીનાં ફૂલ', 'છવિ' તથા 'સુગંધ સંબંધોની' તેમનાં રેખાચિત્રના સંગ્રહો છે. 'વાત એક માણસની'માં ચરિત્ર નિબંધો છે. 'આ ભવની ઓળખ', 'દીવા તળે ઓછાયા', 'ભીતર ભીતર' તેમજ 'શિક્ષક કથાઓ'માં સંસ્મરણોની અનુભવકથાઓ છે. ભાવવાહી અને ચિત્રાત્મક શૈલીના આલેખનને કારણે એમનાં લખાણો આસ્વાદ્ય છે. ભાષાની સહજ-સરળ છતાં સૂક્ષ્મ-વેધક સંવેદનની અભિવ્યક્તિ એમના ગદ્યની વિશેષતા છે. પત્રકારત્વક્ષેત્રે પણ એમનું પ્રદાન ગુણવત્તાસભર રહ્યું છે. તેમને ગુજરાત સાહિત્ય અકાદમી પારિતોષિક તેમજ અન્ય સાહિત્યિક સન્માનો પ્રાપ્ત થયાં છે.

નવલકથાના નાયક દેવરાજનું ભગવાનજીભાઈના આગ્રહથી 'વસુધા'ના અભ્યાસ મારફતે જે પરિવર્તન–જીવનઘડતર થાય છે તે સમગ્ર ભારતી ગ્રામજીવનને પૂરક-પોષક કેળવણીનો મહામૂલો આદર્શ સંદેશ છે. કેટલીક વાર માબાપની વાજબી ખફગી-નારાજગી વહોરીને પણ - જો જીવનધ્યેય દીવા જેવું સ્પષ્ટ હોય તો કેવું અદ્ભુત–આસ્વાદ્ય પરિણામ વ્યક્તિ-સમાજ એને રાષ્ટ્રજીવન માટે મળે છે તેનો હાથવગો નમૂનો દેવરાજ છે. તદ્દન ગામડાંના ભલાંભોળાં માનવીઓ, તેની સહજ - કાલીઘેલી ભાષા - ભાવોર્મિઓ અને ઊડીને આંખે વળગે એવી મૂલ્યલક્ષિતા આ નવલકથા ખંડ- નવલકથાની ચિરંજીવી વિશેષતાઓ છે. આખરે 'સ્વ'ને સ્થાને 'સર્વ' માટે ઝઝૂમનારાઓના જીવનમાં હંમેશાં ઉજાસનાં આંસુ અર્થાત્ આંસુનો જ ઉજાસ હોય છે. ''આપણી પ્રત્યેક શાળા 'વસુધા' બને તો ચોક્કસ આપણું દરેક બાળક 'દેવરાજ' બનવા સક્ષમ છે.'' જે આ નવલકથાખંડનો અમર-આગવો સંદેશ છે.

---

દેવરાજ કૅમ્પના સ્ટેશને ઊતર્યો ત્યારે એને સૌ પહેલાં એની બાની યાદ આવી. અઢાર વર્ષ પહેલાં બા આ સ્ટેશને તેને વળાવવા આવી હતી. તેની આંખો રાતીચોળ થઈ ગઈ હતી અને તે ભગવાનજીભાઈને કહેતી હતી : 'તમે આ છોકરાને ભણતરના રવાડે કાં ચડાવ્યો? એને ન લઈ જાવ તો સારું!'

'બહેન...' ભગવાનજીભાઈએ કહેલા શબ્દો અત્યારે પણ દેવરાજને એવા ને એવા યાદ હતા : 'છોકરો ભણશે તો એનું જીવતર તો ઉજાળશે; પણ પાછળ ભાંડરુંનાં પણ જીવતર ઊજળી જશે. ને ત્યાં એને કાંઈ દુઃખ નહિ પડે. 'વસુધા' તો માનો ખોળો છે. માવતરની ખોટ જરાય ન સાલે એ રીતે ત્યાં ઊછરશે અને ભણશે.'

ને પછી બાએ તેની સામે આંસુભરી આંખે જોતાં કહેલું :

'દેવા, આપડે આંય મજૂરી કરી ખાશું, અર્ધામાંથી ફડશફડશ વેંચીને પેટ ભરી લેશું!' ને તે સાડલાના છેડાથી મોં ઢાંકીને આડું જોઈ ગયેલી.

પોતે કંઈક બોલેલો, પણ બધું અસ્પષ્ટ હતું.

ગાડી આવી ને તે ભગવાનજીભાઈની સાથે ગાડીમાં બેઠો ત્યારે એક રોમાંચ અનુભવેલો. આ પહેલાં તેણે ગાડી જોઈ હતી, એમાં બેસવાના મનસૂબા ઘડ્યા હતા, પણ બેઠો તો આ પહેલી જ વખત. ને તેના મોં પર પથરાઈ ગયેલી પ્રસન્નતા જોઈને બાના વીલા પડી ગયેલા મોં પર થોડો જીવ બળે છે, 'પણ તું માનતો નથી એટલે... આટલાં વરહમાં આપડા કુટુંબમાંથી તો શું, આપડા મલકમાંથી કોઈ ભણવા હારુ થઈને પરદેશ નથી ગિયું... આપડે ને ભણતરને ક્યો નાતો ?'

'બા, તું જોજે ને, હું ભણીશ પછી તને ખબર પડશે!' એટલું બોલે છે ત્યાં ઍન્જિને સીટી મારી.

'સાચવીને રે'જે દીકરા!' બા બોલેલી : 'મારો જીવ બળે છે હો...' કહીને તે આડું જોઈ ગયેલી.

ગાડી ઊપડી ત્યારે દેવરાજે બાનું મોં જોવા ડોકું બહાર કાઢીને લંબાવીને જોવા મહેનત કરી, પણ બાનો ચહેરો દેખાયો નહોતો.

ને છ મહિને કાગળ આવ્યો. 'દેવા, તને મા ઝંખે છે. આવી જા.'

દેવરાજ આવ્યો ત્યારે તો બાને ભોગાવાના સ્મશાનમાં બાળીને બધા ઘેર આવી ગયા હતા.

આજ એ બધું દેવરાજને ખટકી ગયું. બા એ જોવા ન રહી કે ભણતરે એના દીકરાના જીવતરને કેવી રીતે ઉજાળ્યું છે :

તે સામાન ઊંચકીને રતનપરની ચાલીમાંની ભાડાની ઓરડીએ પહોંચ્યો.

'આવ્યો દેવા', પિતાએ બહાર ખાટલા પર બેઠાં બેઠાં ચલમ પીતાં પીતાં તેને આવકાર્યો.

'હા, બાપુ...'

'પણ આ બધું લઈને?'

'હા, આશ્રમ છોડી દીધો!'

'કેમ!'

'હવે હું કામ કરવા માગું છું.'

વૃદ્ધ પિતાની આંખો પહેલાં ચમકી ગઈ ને પછી ધીમેથી પૂછ્યું : 'શાનું, કામ?'

'આશ્રમમાં શીખ્યો એ જ!'

'હા...'

'તો તો આપડું દળદર ફીટી જશે ને?'

દેવરાજ પિતા સામે જોઈ રહ્યો. એમની આંખોમાં ઉજમાળા ભવિષ્યની એક જ્યોત ઝબૂકતી હતી. દેવરાજને થયું, પોતાના સંકલ્પો શબ્દ દ્વારા વ્યક્ત થતાં જ એ ફૂંકનું કામ કરશે ને પિતાની આંખમાં ઝબૂકતી જ્યોત બુઝાઈ જશે...

'કેમ ન બોલ્યો, દેવા?'

'બાપુ, દળદર ફીટશે, પણ વાર લાગશે.'

'આટલાં વરહના ભણતર પછી ય હજુ કેટલી રાહ જોવાની?'

'હુ ભણ્યો...' દેવરાજ બોલતો હતો, 'મારાથી નાની વિજુ ચાર ચોપડી ભણી તો એને ભણેલો મુરતિયો મળ્યો.'

'પણ કેટલો દાખડો કરવો પડ્યો' તો? આપડી નાતમાં ભણેલા છોકરા ક્યાં ? માંડ માંડ ચાર ચોપડી ભણેલો મળ્યો ને એ પાછો ગોલવાડમાં.'

બાપુના અવાજમાં ભણતર પ્રત્યેનો તુચ્છકાર પડઘાતો હતો.

'પણ પરભુ ગૂજરાત વિદ્યાપીઠમાં ભણે છે.'

'હા, તેં ઠીક વાત કરી. બાપુએ ચલમ ખંખેરતાં કહ્યું : 'તારા લગનનું હવે શું છે?'

'બાપુ એ વાત જ ન કરશો.'

'તે આખી જિંદગી એમ ને એમ કાઢી નાખીશ?'

'હા, મને ઓગણત્રીસ તો પૂરાં થવા આવ્યાં. અર્ધી તો ગઈ.'

'પણ તું ન પરણે ત્યાં લગણ પરભુનું શેં થાય?'

'થાય... થાય' દેવરાજ દૃઢતાથી બોલ્યો, 'આપડે એવી ખોટી મોટપમાં નથી રે'વું, ને એક છોકરો ન પરણે તો કયું આભ ફાટી પડે!'

'પણ નાતવાળા... તને ખબર નથી દેવા, આપડી નાતવાળા કેવી વાતું કરે છે ઈ!'

'કહેતા હશે, ભણીને છોકરો બગડી ગયો. નાતમાંથી નીકળી ગયો, વંઠી ગયો, વટલાઈ ગયો. હું બધું ય જાણું છું. પણ બાપુ, આવી ટીકા સામે ટકી રહેવાના સંસ્કાર મને મળ્યા છે. એ રીતે હું કેળવાયો છું.'

'પરભુને હવે કેટલુંક ભણવાનું છે ?' બાપુએ થોડીક વાર મૌન રહીને પૂછયું.

'દોઢેક વર્ષ.'

'પછી તો એ નોકરી કરશે ને ?'

'ના, પરભુ નોકરી નહિ કરે.' એવું કહેવાનું મન થઈ આવ્યું.

પણ તે બોલ્યો, 'એ તો એને ઠીક પડશે એ કરશે.'

'દેવા, ચોકીદારીમાં મારું મન હવે બહુ ધરપતું નથી.'

'કાં?'

'કાન્તા જવાન થઈ ગઈ છે.' કહીને બાપુ ચૂપ થઈ ગયા.

'સમજું છું બાપુ...' કહી દેવરાજ મૌન થઈ ગયો.

થોડી વારે કાન્તા આવી.

'ભાઈ...' કાન્તા ઉમળકાથી બોલી : 'ક્યારે આવ્યા?'

'બસ ચાલ્યો જ આવું છું.'

'રોકાવાના છો ને! કે પછી પાછા 'વસુધા' ચાલ્યા જશો?'

'ના... મેરુપર જઈશ.'

'મેરુપર!' કાન્તાના અવાજમાં આશ્ચર્ય હતું.

'ત્યાં જઈને શું કરીશ?' પિતાએ પૂછ્યું.

'કામ'

પણ ત્યાં તને ક્યું કામ મળવાનું છે?'

'ઘણું કામ છે બાપુ!'

'એ ઉજ્જડ મલકમાં...' પિતાની આંખમાં ઉપાલંભ હતો.

'એ ઉજ્જડ મલકને મારે નંદનવનમાં ફેરવી નાખવો છે, બાપુ!' દેવરાજના અવાજમાં દૃઢતાનો રણકો હતો.

'વીહ વરહે તને એ મલક સાંભર્યો દેવા... જે ધરતીએ જાકારો આપ્યો, જે ધરતી સામે નજર નો'તી મંડાતી, એ ધરતીને તું નંદનવનમાં ફેરવવા માગે છે ? ગાંડો થઈ ગયો છે?'

'બાપુ, આ ગાંડપણ નથી. 'વસુધા'એ મને આ શીખવ્યું છે. મારે આ ધરતીમાં પાછા ફરવું છે.'

'દેવા, વીહ વરહથી એ ધરતીકોર લમણો વાળીને જોયું નથી. ત્યાં તારું શું છે?'

'મારું બાળપણ છે, બાપુ...' દેવરાજના શબ્દોમાં જ નહિ, અવાજમાં પણ ભાવુકતા આવી ગઈ.

કાન્તાને આ બધું સમજાતું નહોતું. એણે તો એ મલકની વાતો સાંભળી હતી. જોયાનું કોઈ ઓહાણ આવતું નહોતું. બાપુ ક્યારેક કહેતા : 'તું ધાવણી હતી તંઈ આપડે નીકળી ગયેલા દુકાળ ઊતરવા. તારી માનું મન નો'તું માનતું પણ નકરા ધૂળ ને પથરા વચ્ચે જિવાય એવું ય નો'તું. જો ન નીકળી ગિયા હોત તો તું આવડી ન થઈ હોત!' ને પછી એ મલકની વાતો કરતા કરતા બાપુ ક્યાંક ખોવાઈ જતા. ક્યારેક એમનો અવાજ ઢીલો થઈ જતો તો ક્યારેક એ પથરાળ ધરતીની કઠોરતા તેમાં ઊતરી આવતી.

'પણ ત્યાં આપડું કોણ! નથી કોઈ સગું-સાગવું કે નથી ખોરડું... તું ક્યાં જઈને ઊભો રહીશ?'

'આ બે પગ ભગવાને ઊભા રહેવા જ આપ્યા છે બાપુ...' ને પછી 'વસુધા'ના એક આદર્શ વિશે તેણે કહેવા માંડ્યું : 'બાપુ, મોટાભાઈ કે'તા'તા કે 'વસુધા'ની કેળવણી તમને શહેરી મોજશોખ નહિ આપી શકે. તમારે ઝાકઝમાળમાં જીવવું ન હોય તો જ 'વસુધા'માં આવજો. 'વસુધા'માં તળગામડાના જ વિદ્યાર્થીઓને એટલા માટે કેળવવામાં આવે છે કે તેઓ તેમની ધરતીમાં પાછા ફરે. તેમના લોહીમાં એ ધરતીના લોકોની તાસીર પચેલી હોય છે. ત્યાં જઈને કામ કરે. લોકોને વ્યસન ને વહેમમુક્ત કરે, સહિષ્ણુ ને સંસ્કારી બનાવે. અજ્ઞાન અને આળસને દૂર કરાવે. અહીંથી તાલીમ લઈને જતો, એક વિદ્યાર્થી એક ગામને સ્વાવલંબી બનાવી શકે તોય ઘણું કામ થાય. ગામ પોતાની આવશ્યક ચીજો પોતે જ ઉત્પન્ન કરી લે. જીવવા માટે ઓછામાં ઓછી જરૂરિયાતથી ચાલે તો એક પણ જરૂરિયાત વધારે નહિ. એ રીતે એમને કેળવે તો જ આ દેશનાં ભાંગી ગયેલાં ને ભાંગી રહેલાં ગામડાં પાછાં બેઠાં થઈ શકશે. આ કામ નાનું નથી. હાડ અને હૈયાબળૂકા માણસોનું જ આમાં કામ છે. કોઠાસૂઝ અને સહનશક્તિ નહિ હોય તો તમે ગામને સુધારી તો નહિ શકો, પણ એની તાસીરને બગાડી નાખશો. આજની કેળવણી અને રાજકારણ ગામડાંને ભરખી રહ્યાં છે ત્યારે તમારે એનું રક્ષણ કરવાનું છે.'

દેવરાજને એકાએક ખ્યાલ આવ્યો કે બાપુ આમાંથી કેટલું સમજ્યા હશે! ને પોતે શું બાપુ પાસે ભાષણ કરવા આવ્યો હતો? પોતે ગામડામાં જઈને શું આવી રીતે ભાષણ જ કર્યા કરશે? ને તો લોકો મારી વાત કઈ રીતે સમજશે? અને તે મૌન થઈ ગયો.

'તે 'વસુધા'વાળા તને પગાર આલશે?' બાપુએ ક્યારનીય પોતાના મનમાં ઘોળાતી વાત પૂછી નાખી.

'ના...'

'તો તું ખાઈશ શું? ને અમને તો ઠીક, પરભુને મોકલીશ શું?'

'મારા પેટની ચિંતા નથી બાપુ... ને તમે કાંઈ ભૂખ્યા નહિ રહો.' અને પછી આગળ બોલ્યો : અર્ધભૂખ્યા રહેવા તો આપણે ટેવાયેલા છીએ. બાપુ આપણે વીસ વરસ પહેલાં મેરુપરથી નીકળ્યા ત્યારે ક્યાં પેટપૂરતું ખાવાનું મળતું હતું!'

એ સમય જુદો હતો. દુકાળ હતો. દુકાળ પાર ઊતરવો હતો. તમને સૌને જિવાડવા હતા.

'તો બસ, મારે એ મેરુપરને જિવાડવું છે.'

'પણ અત્યારે ક્યાં દુકાળ છે?'

'દુકાળ કાંઈ ધરતી પર જ નથી પડતો બાપુ... માણસ પર પણ પડે છે... માણસના હૃદયમાં પણ દુકાળની ભીષણતા હોય છે. મારે માણસના મનમાં પડેલા દુકાળને દૂર કરવો છે. ત્યાં લીલી ધ્રોને ઉગાડવી છે' - અને પછી એકાએક સભાન થઈ ગયો. પોતે બહુ ભાવુક બનીને બોલી રહ્યો છે. અને બાપુ તો આવનારી આર્થિક સમસ્યાને કેમ પહોંચી વળાશે તેની ચિંતામાં છે એટલે તે આગળ બોલ્યો : 'બાપુ, પરભુ સ્નાતક થઈ જશે, એનો ખર્ચ એ ત્યાં કામ કરીને મેળવી લેશે. વળી મોટાભાઈ પણ તેને થોડી રકમ મોકલે છે.'

કાન્તા ઓરડીના બારણામાં બેઠીબેઠી ખીચડીમાંથી કાંકરા વીણતી વીણતી આ સાંભળી રહી હતી. તેનેય થતું હતું : ભાઈ મેરુપર ન જાય તો સારું. આટલું ભણ્યા પછી, આટલી વગવાળા થયા પછી તેઓ કોઈ સારા ઠેકાણે નોકરી કરે તો... અને તે પોતાના વિચારોને વ્યક્ત કર્યા વગર ન રહી શકી : 'ભાઈ, બાપુ ઠીક કે' છે.'

દેવરાજે કાન્તા સામે જોયું, જાણે ઠપકો આપતો હોય અને કહેતો હોય, તુંય કાન્તા, બાપુની ગાડીએ બેસી ગઈ! તારા પહેલા શ્વાસ મેરુપરની હવામાં લેવાયા છે.

'મારી વાત ન ગમી ભાઈ?' કાન્તાએ પૂછ્યું.

'તારી વાત ગમે એવી છે, પણ કાન્તા, મારે તનેય ખોટું લગાડવું પડશે.'

'એટલે?'

'હું મેરુપર જવાનો સંકલ્પ કરીને નીકળ્યો છું. ને મારી તો ઇચ્છા છે કે તું, પરભુ, બાપુ બધાં મેરુપર પાછાં ફરો.'

કાન્તા આ સાંભળી અચંબો પામી ગઈ. બાપુ પણ કશું બોલ્યા વગર ચલમમાં તમાકુ ભરવા લાગ્યા.

સાંજે વાળુ કર્યા પછી બાપાએ કહ્યું : 'હું જાઉં છું.'

બાપાએ ખભે ધારિયું મૂક્યું. અત્યારે એમની ચાલ અક્કડ થઈ ગઈ હતી. જાણે ઉંમરનાં દસ વર્ષ એક સામટાં ઘટી ગયાં હોય... અને દેવરાજને વિચાર આવ્યો : બાપુ આ શહેરની હવા લાંબો સમય લેશે તો એ સાવ ભાંગી પડશે. એમને પાછાં પંચાળમાં લઈ જવા છે. એ માત્ર ચોકીદારીમાં જ જીવન પૂરું કરે એવું નથી કરવું. એમનો ધરતી સાથેનો સંબંધ પાછો જોડી આપવો છે. હજુ એમનાં મૂળિયાં સાવ ઊખડી નથી ગયાં. હજુ કેટલાક તંતુ ચોંટી રહ્યા છે. હા, એ ઊખડી જાત, હું 'વસુધા'માં ન ગયો હોત, પરભુને ગૂજરાત વિદ્યાપીઠમાં ન મોકલ્યો હોત તો. પંચાળનું એ મેરુપર સ્મૃતિમાંથી લોપાઈ જાત... એ મેરુપરનું અમારું ઘર અત્યારે ભલે પડી ગયું હોય, ભલે એ ઢોરો થઈ ગયું હોય, પણ એ ઢોરા નીચે અમારી એક લાગણી હજુ દટાયેલી છે. બાપુને ત્યાં લઈ જઈશ. બાપુ એ ધરતી પર પગ મૂકતાં જ ઘોડા ખેલતા રાજકુમારની સ્ફૂર્તિ પ્રાપ્ત કરી લેશે.

તે ચાલીના નાનકડા ફળિયામાં ખાટલો ઢાળી સૂતો હતો. આ રીતે જ તે અહીં સૂતો હતો. બા પડખે બેસીને તેના બરડા પર હાથ ફેરવતી મેરુપરને યાદ કરીને કંઈ કેટલીય વાતો કરતી. બાનું ગોરું મોં એ વખતે રતાશ પકડી જતું. એનો પડછંદ દેહ જાણે એ પથરાળ ભૂમિમાં હડિયાપાટી કરવા તલસી રહ્યો હોય એવું લાગતું. ને ત્યારે એનો આખા દિવસનો થાક ઊતરી જતો.

દિવસભર એ મજૂરી કરતો, લારી ખેંચતો, મજૂરી મળતી નહિ ત્યારે કોઈ હૉટેલમાં કપરકાબી ધોવા રહી જતો, ક્યારેક અનાજની દુકાને અનાજ ભરેલાં તગારાં ઊંચકવાનું કામ મળતું, એ કામ ન હોય ત્યારે પોતે, પરભુ, વિજુ કુહાડી અને દોરડાં લઈને વગડામાં ચાલ્યાં જતાં. લાકડાં કાપી લાવતાં. કૅમ્પની બજારમાં, શેરીઓમાં એ વેચી ઘેર આવતાં.

બા કોઈનાં પાણી ભરતી, વાસણ ઊટકતી. બાપુને પીઠ પર ગૂણો ઉપાડતાં ફાવી ગયું હતું. કૅમ્પની અનાજબજારમાં ખીજડિયા હનુમાન પાસે એ મજૂરોનાં ટોળામાં બેસતા. મજૂરી ન મળતી ત્યારે ચલમ ફૂંકતા ને પંચાળની વાતો કર્યા કરતા.

દેવરાજ અતીતમાં સરી રહ્યો હતો.

એક દિવસ જોરાવરનગરથી વઢવાણ એક લારીમાં માલ ભરીને જવાની મજૂરી મળી ગઈ. અગિયારેક વર્ષની એ વખતે ઉંમર. બાપુની સાથે એ લારી ધકાવતો જતો હતો. અહીં પહોંચ્યા ત્યારે વિસામો લેવા એક ઝાડને છાંયે બેઠા. એ વખતે ફાગણ ઊતરતો હતો, પણ તડકો તો લ્હાય જેવો હતો. અને પોતાને તરસ લાગી હતી. ગળું સુકાતું હતું. બાપુ તો નિરાંતવા ચલમ ફૂંકતા હતા. એ વખતે પોતાને થયેલું : બાપુને તરસ નહિ લાગી હોય! કે પછી ગડાકુનો ગળચટો સ્વાદ તરસ નહિ લાગવા દેતો હોય! એ વખતે તે બાપુની સામે જોઈ રહેલો. કહેવાનું મન થઈ ગયેલું : બાપુ, લાવો ને, એક દમ હું ય મારી લઉં. ગળચટો સ્વાદ આવશે તો ગળું સુકાતું મટશે. પણ તે કહે એ પહેલાં જ ચલમ ઠાલવીને તેની સામે જોતાં કહ્યું : 'હાલશું ને દેવા?'

'બાપુ, મને તરસ લાગી છે.'

'આટલામાં તો ક્યાંય પરબ જેવું લાગતું નથી.' અને પછી એકાએક મીઠા પાણીનાં સરોવર હાથવેંતમાં હોય એવી ચમક આંખમાં અને પ્રસન્નતા ચહેરા પર આવી ગયાં ને એકદમ બોલી ઊઠ્યા : 'હાલ, આ સામેના મકાનમાં...'

'પણ એ તો...' દેવરાજ અચકાયો.

'એ કાંઈ 'પારકું' ઘર નથી.'

'તો આપડું કોઈ સગું ન્યાં' કણે રે' છે ?' દેવરાજે વિસ્મય પામતાં પૂછ્યું.

'ના, ત્યાં કણે નિહાળ છે.'

દેવરાજને થયું : બાપુ લાંઠી કરે છે. એણે નિશાળ જોઈ હતી. જોરાવનગર, કૅમ્પ અને રતનપરમાં હતી. બધી ગામની વચ્ચોવચ હતી. આ અંતરિયાળ નિશાળ કેવી અને એમાં છોકરાય શાના ભણવા આવે! પણ તે બાપુને 'લાંઠી ન કરો' એમ કહી ન શક્યો. એક તો તડકો, વળી લારી ધકેલવાની, પગમાં કોઈના ઊતરેલા, ફાટલા ચંપલ, પાની તો બળ્યા જ કરે, ને બાપુનાય જોડાનું ક્યાં ઠેકાણું હતું!

'લે હાલ.' બાપુએ તેનું કાંડું પકડી દરવાજાની અંદર લઈ જતાં કહ્યું : 'આ નિહાળ છે. મેં ઘણી વખતે છોકરાંને અહીં રાગડા તાણીને ભણતાં, સાંજે રમતાં ને કામ કરતાં જોયા છે.'

બંને દરવાજામાં દાખલ થઈ ગયા હતા. દેવરાજ થોડો ભયભીત હતો. એને એમ હતું કે હમણાં કોઈક વઢી નાખશે. હમણાં કોઈક ભૂંડી ગાળ બોલીને કાઢી મૂકશે. પણ બાપુને વિશ્વાસથી આગળ વધતા જોઈ તેનો ભય દૂર થઈ ગયો.

બંને એક લાંબી ઓસરી પાસે આવીને ઊભા રહ્યા. ઓસરી પર ચાર ઓરડા હતા. એક ઓરડાનું બારણું ઉઘાડું હતું. બાપ-દીકરાનો પગરવ સાંભળીને એક વૃદ્ધે ઓરડામાંથી બહાર આવતાં કહ્યું, '...આવો...'

દેવરાજને થયું : બાપુનું તો અહીં માન છે. બાપુને સારી રીતે ઓળખતા લાગે છે. બાપુએ પહેલેથી કહ્યું હોત તો... તો પોતે ચાલીને અહીં ભણવા જતા છોકરાને જોતો ત્યારે થઈ જતું કે પોતે આવી રીતે ક્યારેય ભણવા જઈ નહિ શકે? ક્યારેય પોતે રાગડા તાણીને આ છોકરા બોલે છે એવું બોલી નહિ શકે ? બધે ઠેકાણે નિશાળ ને એક અમારા જ મલકમાં નહિ?

બંને ઓસરીનાં પગથિયાં ચડ્યા. વૃદ્ધે પૂછ્યું : 'કોનું કામ છે?'

'કામ કોઈનું નથી. આ છોકરાને તરસ લાગી છે.'

વૃદ્ધના મોં પર સ્મિત આવ્યું. એ વખતે એ સ્મિતની સરખામણી કરવા જેટલી પોતાની ઉંમર કે સમજ નહોતી એ દેવરાજને યાદ આવ્યું. પણ એ સ્મિત એ વખતે ભરઉનાળે ઠંડા પાણીથી ભરેલા માટલા જેવું હતું...

'શું નામ તારું ?' વૃદ્ધે પૂછ્યું.

'દેવો.'

'દેવો નહિ, દેવાભાઈ કહે.'

'એનું નામ દેવશી છે.'

'પણ એની આંખમાં જે તેજ છે એનાથી તો એને હું દેવરાજ કહીશ.' અને પછી તેના ગાલે ટપલી મારીને કહ્યું : 'ગમશે ને આ નામ?'

દેવશી સંકોચાઈ ગયો. આવો રૂપાળો ચોખ્ખો માણસ પોતાના ખરડાયેલા ગાલને કશી સૂગ વગર હસીને ટપલી મારે એ એના માટે ઓછા અચંબાની બાબત નહોતી. માબાપના હેતની જગ્યાએ મૂકી શકાય એટલો હેતાળ એ સ્પર્શ હતો.

'શું ભણે છે?'

'નથી ભણતો! મજૂરી કરવા આવ્યા છીએ.' કહીને બાપુએ બધી વાત કહી.

'આ સાલ વરસાદ સારો થાય તો પાછા મલકમાં જતા રહેશો?'

'ના, હવે નથી જવું. ત્યાં નથી ખેતર કે વાડી. ત્યાંય માથું ફોડીને લોહી કાઢવાનું છે. ને બારેય માસ માથું ફોડવા છતાં પૂરતું લોહી નથી. એના કરતાં આંય સારું છું. કંઈક ને કંઈક કામ મળી રહે છે.'

'તો આ છોકરાને ભણાવો તો... બે અક્ષર વાંચતાં લખતા શીખશે તો કામ લાગશે.'

'તો કામ કોણ કરશે? આ તો આઠ - દહ આના રળી આવે છે.'

'એને અહીં રાખીએ.'

બાપુ મૂંઝવણમાં પડી ગયા.

'એનો ખર્ચો અમે ઉપાડી લેશું.'

'ના... ના...' બાપુ માથું ધુણાવતાં બોલી ઊઠ્યા. જાણે એમના દીકરાને કોઈ આંચકી જતું હોય અને પકડી રાખતા હોય એ રીતે જોરથી કાંડું પકડીને બોલ્યા : 'ના, દીકરો તો નજર સામે જ સારો. ને એના રોટલા જોગું એ રળી લાવે છે. હારે હોય તો હાથવાટકા માટે ખપ લાગે.' કહીને બાપુ ઝડપથી પગથિયાં ઊતરી ગયા.

પણ દેવરાજનું મન તો હજુય ઓસરીમાં તરફડતું હતું. એનું મન ઘોડા ગંઠ્યા કરતું હતું. એક સાંજે કૅમ્પમાંથી સીધો એ ઘરશાળાએ પહોંચી ગયો. પેલા વૃદ્ધ પાસે જઈને ઊભો રહેતાં બોલ્યો, મને ભણાવો.

બસ, આ 'મને ભણાવો...' શબ્દો એ વૃદ્ધની છાતીએ ચોંટી ગયા. તેમણે એને સમજાવ્યો ને કહ્યું : 'વખત મળે ત્યારે આવતો રહેજે...' અને એમ એ રાત-વરત, અહૂર-સવાર જતો. એકડા-બગડા અને કક્કો બારાખડી શીખ્યો. અને એક રાતે બાપુ પાસે બેસીને બાળવાચનની ચોપડી વાંચવા લાગ્યો ત્યારે બા અને બાપુ અચંબાથી, પ્રસન્નતાથી જોઈ રહ્યાં.

દેવરાજની ધગશથી ઘરશાળાના સંચાલક પ્રભાવિત થઈ ગયા હતા એટલે તેમણે 'વસુધા'ના એક કાર્યકર ભગવાનજીભાઈને વાત કરી; ને ભગવાનજીભાઈ 'વસુધા'માં ભણવા લઈ જવા માટે તેનાં બા-બાપુને સમજાવી શક્યા.

ને આજ દેવરાજને 'વસુધા' છોડીને ચાલ્યા આવવાની ચણચણાટી થવા લાગી.

## શબ્દ-સમજૂતી

**અહૂર** સમય-સંજોગ પ્રમાણે, વહેલું-મોડું; **વસુધા** ધરતી, પૃથ્વી; **સૂગ** અણગમો, ઘૃણા; **નંદનવન** ઈન્દ્રનું ઉપવન; **દળદર** દેવું; **ફડશ** ટુકડો; **દાખડો** તકલીફ; **ઉપાલંભ** ઠપકો; **હડિયાપાટી** દોડાદોડી; **ગડાકુ** ગોળ કે કાકબ ભેળવી કરાતી તમાકુ

## રૂઢિપ્રયોગ

**હાથ-વાટકો થવું** નાના-મોટા કામમાં ઉપયોગી થવું; **વંઠી જવું** હાથથી જવું, બગડી જવું; **લાંઠી કરવી** મજાક કરવી; **માથું ફોડીને લોહી કાઢવું** સખત મહેનત કરવી; **ભરખી જવું** ખાઈ જવું; **ઘોડા ગંઠ્યા કરવું** મનોમંથન કરવું, કલ્પના કરવી; **ચણચણાટી થવી** તાલાવેલી થવી; **આભ ફાટવું** ખૂબ દુ:ખ પડવું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) પોતાના ઘેર આવ્યા પછી દેવાને ક્યાં કામ કરવું હતું? શા માટે?

(2) દેવરાજના પિતા તેને ભણાવવાની શા માટે ના પાડતા હતા?

(3) વિજુ કેટલું ભણેલી હતી?

(4) દેવરાજને મલક કેમ સાંભરે છે?

(5) દેવરાજ મેરુપર જઈ શું કરવા ઇચ્છતો હતો?

(6) બાપુ ક્યારે મૂંઝવણમાં પડી ગયા?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) ભગવાનજીભાઈએ દેવાની માને શું આશ્વાસન આપ્યું હતું?

(2) દેવરાજ પોતાના પિતા અને કુટુંબને મેરુપર શા માટે લઈ જવાં ઇચ્છે છે?

(3) દેવરાજના બાળપણમાં તેનાં મા-બાપ શહેરમાં શાં કાર્યો કરતાં હતાં?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'વસુધા'માં કેળવણી પામેલ યુવાનોએ કેવાં-કેવાં કાર્યો કરવાનાં છે?

(2) દેવરાજના મનોમંથન અને તેનાં અરમાનોને તમારા શબ્દોમાં લખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'આંસુભીનો ઊજાસ' નવલકથા મેળવીને વાંચો.
- દૃઢ સંકલ્પવાળા મહાપુરુષોની વિગતો મેળવી તમારી નોંધપોથીમાં લખો.
- 'ભણતર : ત્રીજી આંખ' વિષય પર નિબંધ લખો.
- તમે કોઈ પણ પાંચ સારા સંકલ્પો લો.

## ભાષા-અભિવ્યક્તિ

'પોતાના સંકલ્પો શબ્દો દ્વારા વ્યક્ત થતાં જ એ ફૂંકનું કામ કરશે ને પિતાની આંખમાં ઝબૂકતી જ્યોત બુઝાઈ જશે.' 'એ સ્મિત એ વખતે, ભરઉનાળે ઠંડા પાણીથી ભરેલા માટલા જેવું હતું.' આ વાક્યોમાં રૂપક અલંકારથી કહેવાતી વાત વધુ અર્થસભર બને છે.

'આજની કેળવણી અને રાજકારણ ગામડાંને ભરખી રહ્યાં છે.' 'દુકાળ કાંઈ ધરતી પર જ નથી પડતો. માણસના હૃદયમાં પણ દુકાળની ભીષણતા હોય છે.' આ બંને વાક્યોમાં ગામડું, પ્રકૃતિ અને મનુષ્યજીવન એકમેકથી કેવાં જોડાયેલાં હોય છે તેનો મર્મસભર ચિતાર અહીં જોઈ શકાય છે.

'મેરુપરનું અમારું ઘર અત્યારે ભલે પડી ગયું હોય... એ ઢોરા નીચે અમારી એક લાગણી હજુ દટાયેલી છે.' જેમાં વતન-ઘર પ્રત્યેની સંવેદના અને પ્રેમ સહજ રીતે અભિવ્યક્ત થાય છે, તો બીજી બાજુ - ત્યાંય માથું ફોડીને લોહી કાઢવાનું છે. ને બારેય માસ માથું ફોડવા છતાં પૂરતું લોહી નથી નીકળતું. એના કરતાં આંય સારું છે.' વાક્યમાં વતન (ગામડાં)માં જીવન જીવવું કેટલું મુશ્કેલ બની રહે છે તેનું વર્ણન છે.

આમ, અહીં એક છેડો હૃદયથી ને એક છેડો વાસ્તવિકતાથી જોડાયેલ હોય એમ અભિવ્યક્ત થયું છે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- 'તમને શું ગમે? - ગામડું કે શહેર' એ વિષય પર ચર્ચાસભાનું આયોજન કરો.
- દૃઢ સંકલ્પથી સફળ વ્યક્તિને શાળામાં સન્માનિત કરો અને તેની સાથે સંવાદના કાર્યક્રમનું આયોજન કરો.
- લોકભારતી - સણોસરા (ભાવનગર)ની મુલાકાતે વિદ્યાર્થીઓને લઈ જવાનું શૈક્ષણિક આયોજન કરો.

•